# 7. ઊંઘણશી સૂર્ય

**સંસ્કૃતિરાણી દેસાઈ**
**૧ ઑક્ટોબર ૧૯૫૮**



જન્મસ્થળ મુંબઈ. માતા - તારિણી દેસાઈ, પિતા - સુધીર દેસાઈ

કવિતા - બે કાવ્યસંગ્રહો માટે નવ ઍવૉર્ડ (૧) સૂર્યો જ સૂર્યો (૧૯૯૩) (૨) શબ્દના આકાશમાં કૂદકો (૨૦૧૦) ગુજરાતી સાહિત્ય પરિષદના બે ઍવૉર્ડ્સ, ગુજરાત સાહિત્ય અકાદમી, મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકદામી, ઉમાશંકર જોશી પારિતોષિક, રસ કવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ પારિતોષક, કલા ગુર્જરી ઍવૉર્ડ વગેરેના ઍવૉર્ડ્સ પ્રાપ્ત.

નૃત્ય, કરાટે - શ્રીમતી વૈજયંતીમાલા પાસે ૧૩ વર્ષ નૃત્યની તાલીમ, કરાટેની આઠ વર્ષ તાલીમ લઈ બ્રાઉન બેલ્ટ મેળવ્યો.

વ્યવસાય : દેશની અને વિદેશની એમબીએની કોલેજોમાં પ્રોફેસર, આઉટસ્ટેન્ડિંગ એડ્જન્કટ પ્રોફેસર ઍવૉર્ડ વગેરે ચાર ઍવૉર્ડ.

સામાન્યરીતે કવિના કોઈ લય અથવા છંદમાં લખાય ‘લય’ હોય તે રાગમાં ગવાય અને છંદમાં હોય તેનું છંદોબદ્ધ વાચન થાય.

પણ ઘણા કવિઓને લાગ્યું કે પોતાની ઊર્મિ, સંવેદન, કલ્પના, વિચાર વગેરેને ભાષાના અમુક માપમાં જ શા માટે રજૂ કરવી ? અથવા રોજિંદાં વાક્યોમાં (એટલે કે ગદ્યમાં) શા માટે રજૂ કરવી ? પશ્ચિમમાં અને ખાસ કરીને અંગ્રેજીમાં એવી ... (પદ્ય ન હોય તેવી) રચનાઓ લખાઈ. આપણે ત્યાં પણ બળવંતરાય, નાનાલાલ જેવા કવિઓએ તેવા પ્રયોગો કર્યા. નાનાલાલે તેને ડોલનશૈલી નામ આપ્યું તો બળવંતરાયે તેને મુકતછંદ એવું નામ આપ્યું.

આવી રચનાઓમાં લય તો હોય જ પણ તેનાં નિયમિત માપ ન હોય તેથી ગાઈ ન શકાય. આવી રચનાઓમાં પોતાના મનના તુક્કાઓ, તરંગો અને ઉટપટાંગ ગણાય તેવી છતાં ચમત્કૃતિભરી તેથી રસ પડે તેવી કલ્પનાઓને રજૂ કરવાનું કવિઓને સરળ લાગે છે.

મુંબઈના દરિયાકિનારે રહેતાં કવયિત્રી રોજ સવારેએક ઘટના જુએ છે. તેને સંવેદનોથી રસ પડે એ રીતે રજૂ કરે છે. જાણે આપણો સૂરજ આપણા જેવો નિશાળિયો છે. દરિયો એનો શિક્ષક છે. દરિયો રોજ પોતાની જોરદાર છાલકથી એને જગાડે છે પણ પ્રકાશ ફેલાવનારો પોતે જ ઝોકે ચડે અને ક્યારેક તો વાદળાં ઓઢીને આખો દિવસ સૂઈ રહે એ કેવું ? કદાચ મુંબઈના સતત ધૂંધળા રહેલા વાતાવરણમાં સૂર્ય જાણે ઝાંખો-ઝાંખો તેથી આળસુ જેવો દેખાય છે. ને એક રમતિયાળ છતાં હૃદયમાં ઊતરી જાય તેવી કલ્પના !

---

ઊંઘણશી સૂર્યને
રોજ પોતાની એક જોરદાર છાલકથી
દરિયો

આકાશમાં મૂકી દે ને, બેસાડે ભણવા.
ઠોઠ નિશાળિયાને રોજ જ ભૂરી બેંચ
પર ઊભા રહેવની કરે છે સજા,
તોય,
ધ્યાન ચૂકવી દરિયાનું,
ઊભો ઊભો જ ઝોકે ચડી જાય
ને ઢળી પડે દરિયાની પેલે પાર સાંજ સુધીમાં.
શિયાળામાં તો રોજ નિશાળે મોડો પડે
ને ચોમાસામાં તો દરિયો ઉઠાડવાનું ભૂલી જાય તો
ઊંઘતોય રહે વાદળ ઓઢીને આખો દિવસ !
સૂર્યને દરિયા કરતાંય
વધારે કડક શિક્ષકની જરૂર છે. ખરું કે નહિ ?

## ટિપ્પણ

**ઊંઘણશી** - સતત ઊંઘે તે આળસુ **છાલક** - પ્રવાહીનું ઊછળીને ફેંકાવું **ઠોઠ** - ઓછી સમજવાળું

## રૂઢિપ્રયોગ

**ઢળી પડવું** - પડી જવું, ગબડી જવું, ઊંઘી જવું
**ઝોકે ચડવું** - ઊંઘવા લાગવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. સૂર્યને કોણ આકાશમાં ધકેલી દે છે ?
2. દરિયો દરરોજ સૂર્યને કેવી સજા કરે છે ?
3. સૂર્ય ક્યારે ઊંઘી જાય છે ?
4. સૂર્યની આદતોને સુધારવા માટે કોની જરૂર છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. સૂર્યને ઊભા રહેવાની સજા થાય ત્યારે તે શું કરે છે ?
2. શિયાળામાં સૂર્ય નિશાળે કેમ મોડો આવે છે ?
3. કવિએ સૂર્યને ઠોઠ નિશાળિયો શા માટે કહ્યો છે ?

**પ્રશ્ન 3. કાવ્યપંક્તિનો ભાવ સમજાવો.**

'ને ચોમાસામાં દરિયો ઉઠાડવાનું ભૂલી જાય તો
ઊંઘતોય રહે વાદળ ઓઢીને આખો દિવસ !'

**પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. સૂર્ય માટે કેમ કડક શિક્ષક રાખવાની જરૂર પડી તે વિચારીને લખો.
2. સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયના વાતાવરણનું વર્ણન કરો.
3. જો સૂર્ય ન હોય તો ? .. શું થાય ?

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

સૂર્ય, દરિયો, ચોમાસું, નિશાળ

**આટલું કરો.**

1. કાવ્યનું વાર્તામાં રૂપાંતર કરી વર્ગખંડમાં રજૂ કરો.
2. સૂર્યોદય કે સૂર્યાસ્ત સમયનું ચિત્ર દોરી નોટીસબોર્ડ પર રજૂ કરો.
3. સૂર્યની ઉત્પત્તિ વિશે વિજ્ઞાન શિક્ષક પાસેથી માહિતી મેળવો.

•